





દુષ્કર્મીને સજા કરવાનો આ જ રસ્તો છે,
વિરોધીઓ માટે આ પ્રચારમાર્ગ સસ્તો છે,
દસ્તો લઇ કૂટો માથું 'ન્યાય' મળતો નથી -
'નિર્ભયાની હત્યા' કે આત્મહત્યા જ સિરસ્તો છે
(નાગાલેન્ડનું પ્રશંસનીય ઉદાહરણ)




બેશર્મ ભૂખ,
સત્તાની વેશ્યાઓને -
નચાવે મુફ્તી..

ભરતસિંહ!
લ્યો! કરો ખંડરનું -
રિનોવેશન..

## ચિંતન

**દારિદ્રયસ્ય પરા મૂર્તિર્યાચા ન દ્રાવિણાલ્પતા ।**
**અપિ કોપીન વાંચ શંભુ સ્તથાપિ પરમેશ્વરઃ ॥**

'બધા ભગવાનોમાં મહાદેવ-શંકર એકલા જ લંગોટી માત્ર ધારણ કરે છે છતાં પણ તેમને 'મહાદેવ-પરમેશ્વર' ગણવામાં આવે છે. એટલે કે ઓછું ધન હોવું તે કંઇ ગરીબી નથી પરંતુ કોઇ પાસે કંઇ પણ યાચના કરવી એ ગરીબી છે.'

જેટલી જરૂરિયાત ઓછી એટલું વધારે સુખ-ઇચ્છાઓ અને અપેક્ષામાં જ દુઃખ અને ચિંતાના પોટલાં છે; અને એ ઇચ્છાઓ-અપેક્ષાઓ કદી જ પૂરી થતી નથી. 'મૃગજળ' જેવી છે માણસ તેના પાછળ દોડી દોડી થાકી-હારી મરી જાય છે.

જયારે માણસને સાચી જરૂરિયાત તો માત્ર 'બે રોટી ને દાળ' સિવાય કંઇ જ નથી. બાકી ભાણામાં 'છપ્પન ભોગ' હોય તો પણ કંઇ પેટ એટલા પ્રમાણમાં મોટું થઇ જતું નથી.

ઇશ્વરે પશુ-પંખીઓ અને માણસના શરીરની રચના જ એવી કરી છે જે 'પ્રકૃતિ' સામે ટકી શકે પશુપંખી ટાઢ-તડકો સહન કરે જ છે ને? એને 'રજાઇ-એ.સી.'ની જરૂર પડે છે? સોના-ચાંદીના ઘરેણાંની જરૂર પડે છે?

જરૂરિયાત તમે જાતે જ ઊભી કરી દુઃખો અને ચિંતાઓને આમંત્રણ પત્રિકા આપો છો.

## સુવિચાર

- લાગણીઓનાં સંબંધમાં આપણે એકબીજાને સ્વતંત્ર વ્યક્તિ તરીકે પૂરતો આદર ન આપી શકીએ તો બંને વચ્ચે પ્રેમ ટકી રહે, એવી અપેક્ષા રાખવી વ્યર્થ છે **- હંસલ ભચેચ**
- સત્ય અને ત્યાગ એ બાબત મહાત્મા ગાંધીની ઓળખ છે, જયારે શાસ્ત્રીજી સાદાઇ અને આત્મનિર્ભરતાની ઓળખ છે **- મુંબઇ સમાચાર**
- કાળના ઘેરા તિમિરમાં ઝગમગે તે જિંદગી... આસમાન તૂટી પડે પણ ના ડગે તે જિંદગી **- શૂન્ય પાલનપુરી**
- જેણે પણ જીવન નજીકથી જોયું છે, મોત એનાથી દૂર ભાગે છે **- નવનિત**
- 'માંની મમતાનું એક બુંદ અમૃતસાગરથી પણ મોટું અને મધુરું છે' **- એસ. ભટ્ટાચાર્ય**
- જેટલા વધારે સોગંધ એટલું વધારે જુઠાણું **- સેમ્યુઅલ કોલારિઝ**
- એકાંત સમયે જયારે મનની ભાવનાઓ શાંત હોય છે ત્યારે તમે તમારી અંદર બુદ્ધિનો ભંડાર ભરી દો **- ઝેન કથન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

કોઇની પાસેથી કોઇ પણ જાતની અપેક્ષા ન રાખનારા - સરળ સ્વભાવના અને સાદાઇથી જીવતાં સંત સમાન વ્યક્તિ - સત્યની ના જ ઉપાસક હોઇ તેમને કોઇ પણ જાતનો ભય-ચિંતા-હોતાં નથી - નિર્ભય હોય છે. મૃત્યુથી પણ ડરતા નથી.

તિબેટ પર એક પડોશી જુલ્મી-નિર્દય રાજા અવારનવાર હુમલા કરી લૂંટ ચલાવતો અને નિર્દોષ નાગરિકોની કરપીણ હત્યા કરતો. તલવારથી માથું વાઢી નાખતો હતો. એના આવવાના સમાચારથી ગામ લોકો નાશભાગ કરી છૂપાઇ જતા - કે ગામ છોડી જતા.

આ રાજાએ નાના ગામ પર ચડાઇ કરી લૂંટ શરૂ કરી ગામ આખું ખાલી થઇ ગયું હતું. એક સાધું ઝૂંપડી બહાર વૃક્ષના ઓટલે બેઠો બેઠો માળા-જપ કરતો હતો.

સૈનિકોએ ભય ફેલાવવા - ત્રાડો પાડી, પણ સાધુ શાંત ચિત્તે માળા કરતો જ રહ્યો.

સૈનિકો એને પકડી જુલ્મી રાજા પાસે લઇ ગયા, કહ્યું - આ એક જ માણસ ગામમાંથી મળ્યો અને આપણાથી ડરતો પણ નથી.

રાજાએ બૂમ પાડી કહ્યું, તને ખબર છે હું આંખના એક પલકારામાં તારું માથું વાઢી શકું એમ છું..

સાધું કહે - હે રાક્ષસ, હું પળવારની પણ દેર કર્યા વિના માથું વઢાવવા તૈયાર છું..

રાજા ચકિત થઇ ગયા..

Email - sureshchandrabhatt18@gmail.com

# હોલીકાદહન પહેલાંનો દિવસનો સમય સાચવવો પડતો હોય છે કેમ કે અહીં સુકાં વૃક્ષોના લાકડાં અત્રતત્ર મુકાયેલાં છે તે ચોરાઇ જવાનો ભય સતત સતાવતો હોય છે

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

પ્રકાશની જલતી જયોત જેવાં કસુંબી નારંગી રંગના પુષ્પશીર્ષવાળા ચળકાટવાળાં ફૂલો, પોપટની ચાંચ જેવા ખીચોખીચ ઝુમખાવાળા હોય તો કયારેય પીળાં પીછાંવાળાં ગાનાર પક્ષી જેવાં પીળાં અને જરદાળુ જેવા રંગના પુષ્પો પણ જોવા મળે તેની કળીઓ ઘેરી કથ્થાઈ કે રાખોડી રંગની હોય એવાં કેસુડાનાં પુષ્પો ઉનાળાની શરૂઆતમાં તેનો ભભકો દેખાતાં જ હોળીનો તહેવાર સાંભરી આવે, કાંચનાર હોય કે સોનમહોર પુષ્પીત થઈ ખીલી ઊઠે ત્યારે એમ લાગે કે કુદરત રંગોત્સવ માટે સજીધજીને તૈયાર થઈ રહી છે.

પ્રકૃતિ ઉદ્યાનમાં સાંજના સમયે આજે ખુબ જ ચહલપહલ જોવા મળી રહી છે. 'રેસ્ટ હટ' ની શોભા નિરાળી છે. વિજળીની રૌશનીથી આખો ય વિસ્તાર ઝાકઝમાળ થઈ રહ્યો છે. સાબરમતી નદીના સુકા પટમાંથી ઠંડો પવન વાઈ રહ્યો છે.

દિવસભર જંગલના જગનમાં લાગેલા ચોકીદારોને કંઈક અચરજ જેવું લાગતાં દૂર દૂર ઉભા રહી આ દશ્યને નિહાળી રહ્યા છે. હોલીકાદહન પહેલાંનો દિવસનો સમય સાચવવો પડતો હોય છે કેમ કે અહીં સુકાં વૃક્ષોના લાકડાં અત્રતત્ર મુકાયેલાં છે તે ચોરાઈ જવાનો ભય સતત સતાવતો હોય છે. ગામના કોઈ યુવાનો કાંટાળી તારની વાડમાંથી કે દિવાલ કુદીને અંદર ઘસી આવે છે અને ચોકીદારની નજર ચુકવી સૂકાં લાકડાં ઉઠાવી જવાની પેરવી કરે છે. પણ ગામમાં હોલીકાદહન માટે લાકડાં ગોઠવાઈ ગયા પછી ચોકીદારો રાહત અનુભવતાં ઝગમગ રૌશનીથી શોભતાં 'આરામગૃહ' ને નિહાળે છે. ત્યાં પ્રકૃતિ ઉદ્યાનમાં મોટરોનો કાફલો પ્રવેશતો દેખાય છે.

એક.. બે.. ત્રણ... ચાર.. ઉપર ઝબુકતી લાલ લાઈટ વાળી ગાડીઓ એક પછી એક પસાર થાય છે. અધધ... લાગે. હાં, આ મુખ્યમંત્રીનો કાફલો છે. તેમનું રાત્રી રોકાણ આજે અહીં જ છે. કાલે અહીં જ તે કુટુંબ સાથે ધુળેટી ઊજવશે?

મારા ભાગે આવતી વ્યવસ્થાઓ હું સંભાળી રહ્યો છું. ત્યાં 'રેસ્ટ હટ'નો સેવક બંસરાજ યાદવ આવીને સૂચના આપે છે કે તમને અંદર બોલાવે છે. રેસ્ટ હટના પાછળના ભાગે ત્રણ લાંબા પગથીયાં ચડી હું આગળના ભાગે બગીચા તરફ આવું છું.

'નટવરભાઈ હેડાઉ તમે કં?' એક અધિકારી જેવો વ્યક્તિ મને પુછે છે.

'જી...'

'સાહેબ આપને કંઈક પુછવાં માંગે છે.' સામે લોનમાં બેઠેલ મુખ્યમંત્રી તરફ તે ઈશારો કરે છે.

'નમસ્તે'

'તમે જ હેડાઉ ખરું ને?'

'જી'

'તમે અહીં બાજુના ઈન્દ્રોડા ગામના લોકોને પરેશાન કેમ કરો છો?'

'ના, એવું તો કંઈ નથી.'

'મારા બંગલે માળી છે. તેના છોકરાને તમે સુકાં બળતણનાં લાકડાં વીણતાં પકડેલો.'

'હાં એ વાત સાચી છે.'

'ગરીબ માણસોને તમારે હેરાન ન કરવા જોઈએ. હમણાં અહીં આવતાં મેં જોયું કે આજુબાજુ ઘણાં જ સુકાં ઝાડનાં થડ પડ્યા હતા. સુંકા પાદડાં અને ડાળખાં તમે એ લોકોને લેવા દેતા હોય તો તમારો પાર્ક ચોખ્ખો પણ દેખાય અને ગરીબ માણસ રોટલો શેકી ખાય. એમાં ખોટું શું છે?' મુખ્યમંત્રી કેશુભાઈએ કહ્યું.

'આપની વાત બિલકુલ સાચી છે. પણ આ પ્રકૃતિઉદ્યાન છે. અહીં તમે સુકાં ઝાડોનો નિકાલ કરતા નથી તેને જેમના તેમ જાળવી રાખીએ છીએ.'

'કેમ?'

'જૈવિક વિવિધતામાં દરેકનું કંઇ ને કંઈ મહત્ત્વ છે. સુકાં ઝાંડના થડમાં પક્ષીઓ બખોલ બનાવી માળા કરે છે. સુકી ડાળખીઓને લીધે થતી જીવાત એ ઉંધઈ પણ પક્ષીઓ અને જીવજંતુઓનો ખોરાક છે. સુકાં પાદડાં જમીનમાં ભળતાં કુદરતી ખાતર બને છે. પ્રકૃતિના જીવનચક્રને ચાલુ રાખવા એ બધું જાળવવું જરૂરી છે. એ વાતનો પાર્કનાં મુલાકાતીઓને ખ્યાલ આવે તે માટે અમે રાખીએ છીએ.'

'એ તો સારી વાત છે. તમારા દષ્ટિકોણથી જોતાં એ સાચું લાગે છે વાંધો નહીં.' મારા પ્રત્યુત્તરથી તેમને સંતોષ થયો હોય એવું મને લાગ્યું. તે હવે બીજા કોઈ સાથે વાત કરવા લાગતાં હું ત્યાંથી નીકળ્યો. દૂર દૂર સુધી તિમિર ઓઢીને ઊભેલાં વૃક્ષોની ઘટાઓની વચ્ચે ચીબરીઓનો તીક્ષ્ણ અવાજ સંભળાતો હતો. અંધખાર થતાં જ નિશાચર પ્રાણીઓ અને પક્ષીઓ ચક્રીય બનતાં હોય છે. શાહુડી હોય કે શેળો આજે તે કદાચ બહાર નહીં નીકળે કેમકે મુખ્યમંત્રીના કાર્યક્રમ માટે વ્યવસ્થા સંભાળનારાઓની ગાડીઓનો ઘરઘરાય અને આંખોને આંજી દેતી તીવ્ર પ્રકાશ ફેલાવતી હેટ લાઈટોના પ્રકાશથી તેમની આંખો અંજાઈ જાય છે. કદાચ બહાર નીકળે અને ઝડપથી આવી રહેલ કોઈ ગાડીની હડફેટે ચડી જાય એવું પણ બને, માનવ દ્વારા સર્જાતી આવી ખલેલ વનચરોને ન ગમતી હોય તો પણ એ શું કરી શકે? એથી જ તો નીલગાયોનું ટોળું રોજ અહીં ફરતું હોય છે એ કયાંક દૂર જતું રહ્યું છે. ઝાડો પર કુદાકુદ કરી મુકતાં વાંદરા તેના નાનાં બચ્ચાઓને લઈ દૂર ઝાડીમાં લપાઈ ગયા છે. અહીં કૃત્રિમ વિજળીની રોશનીમાં પૂનમની ચાંદનીનો પ્રકાશ કયાંક દેખાતો નથી, હાં દૂર ટેકરી પર ચાંદની રેલાતી દેખાય છે પણ ત્યાં જોવાતી ફૂરસદ કોને છે.

'સાહેબ, શું વિચારમાં પડી ગયા છો?' મારી નજીક આવતાં ચોકીદાર હેમાજીએ કહ્યું.

'કંઈ નહીં, તમારે કંઈ કામ હતું?'

'હાં, અમારે રજૂઆત કરવી છે.'

'કોને?'

'મુખ્યમંત્રી સાહેબને....'

'કયારે?'

'કાલે સવારે'

'શા માટે?'

'સાહેબ, આ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને બિલકુલ અડીને અમારાં બે ગામો ઈન્દ્રોડા અને ધોળાકુવા આવેલાં છે. આ ગામો આમ તો ગાંધીનગર સાથે ભળેલાં છે પણ ગાંધીનગરના વિકાસની સાથોસાથ આ ગામોનો વિકાસ થયો નથી. દિવા તળે અંધારાં જેવી સ્થિતિ છે. આ બંને ગામોમાં ઠાકોર, રાવળ, મુસ્લિમ, દલિતો અને દેવીપૂજકો તેમજ રબારી જાતના લોકોની સાથે સાથે અન્ય રાજયોમાંથી આવીને વસેલાં રાજસ્થાની, મધ્યપ્રદેશ કે ઉત્તરપ્રદેશના લોકોએ વસવાટ કર્યો છે. ગામ તળની જમીન સિવાય કોઈ પણ પ્રકારની જમીનની માલિકી નહીં ધરાવતાં અમુક વળી સરકારી જમીનમાં ગેરકાયદેસર ઝુંપડા કે નાનાં મકાનો બાંધી વસતાં આ ગામ લોકોમાં શિક્ષણ, આરોગ્ય અને રોજગારી માટેનાં ખુબ જ અલ્પ અને અપુરતાં સાધનો અને સુવિધાઓને કારણે કુદરતી હાજતે જવાની સુવિધા જેવી પ્રાથમિક જરૂરિયાતથી વંચિત, અશિક્ષિત અનેક પ્રકારના રોગો અને દુષણોથી પીડાતા મજબૂર માનવીઓની વસાહત જેવાં અમારાં ગામ છે. બળતણ અને ઘાસચારા માટે આ પાર્ક એક માત્ર આધાર છે. પણ અમે એમની જ લોકો એમનામાંથી જ આવેલા રોજગારીની મજબૂરીને કારણે તેમને રોકીએ છીએ. છેલ્લાં પંદરવીસ વરસથી કાળી મજૂરી કરીએ છીએ. લોહીનું પાણી કરીએ અમે આ પ્રકૃતિ ઉદ્યાનને હરિયાળો અને રૂડોરૂપાળો બનાવ્યો છે. પણ અમારી હાલત સામે નજર કરવાનું કોઈને સૂઝતું નથી. હાં આ બંને ગામોનાં મોટા ભાગનાં કુટુંબોમાંથી એકાદ વ્યક્તિ અહીં રોજી મેળવે છે. તે ઉપરાંત કેટલાટ લોકો વર્ગ-૪ અથવા રોજમદાર તરીકે કયાંક સરકારી કચેરીમાં ઉચ્ચક પગાર મેળવી અલ્પ રોજગારી મેળવતા હોય છે. તેમની સ્ત્રીઓ નજીકના સેકટરોમાં બંગલાઓમાં વાસણ-કપડાં અને સાફસફાઈના કામો કરે છે. જેથી તેમનાં બાળકોની શિક્ષણની પરિસ્થિતિ ખરાબ છે. નશા માટે દારૂ ગાળતા કે નાની મોટી ચોરી કરતાં તત્વો પણ અહીં વસવાટ કરતાં જોવા મળે છે. પણ ઊંડા ઉતરીને જોવામાં આવે તો એમાં પણ એમની મજબૂરી હોય છે.' વાત કરતાં હેમાજી જરા અટક્યા.

'પણ તમારી આ બધી રજૂઆતો માટેનો આ સમય નથી.' મેં તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'સાહેબ, વર્ષોથી અમારો સમય તો કયારેય આવતો જ નથી પછી શું કરીએ. હરણોદ્યાનની શરૂઆતમાં અમને બધાને નોકરીમાં રાખેલા ત્યારે ઘણા ય આંખા આંબલી બતાવ્યા હતા. અધિકારીઓએ લટકાવેલાં એ ગાજર ને જોઈ રાજી રાજી થતા અમે મજુરી કરતા રહ્યા. હાં, કેટલાય બહારથી આવેલા લોકો જે અમારી સાથે જ પાવડો કોદાળી પકડી મજુરી કરતા હતા તે લોકો અધિકારીઓની ચમચાગીરી કરી આગળ કેવી રીતે આવી ગયા એ બધું અમારી નજર સામે તરવરે છે. લાલચું અને મહત્ત્વાકાંક્ષી અધિકારીઓને જયારે જે પ્રકારની જરૂરિયાતો હોય એ તેઓ પુરી પડતાં શરાબ, શબાબની મહેફીલો પણ અમે અહીં જોઈ છે. અને તેનાં દ્વારા લાભ ઉઠાવી કાયમી થઈ ગયા પછી પણ બબ્બે પ્રમોશનો મેળવી આગળ વધેલા એ લોકો એ અમારું અહિત કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. પણ આ બધું કોને કહીએ. કોણ અમારું સાંભળે.' કહેતાં હેમાજીની આંખોમાં આંસુ આવી ગયા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ઈન્ટરનેટનું કાળોતરું વ્યસન

## દેશનાં કિશોરો-તરૂણોમાં વર્ષે ૪૦ ટકાના જંગી દરે વધી રહેલા આ લત મા-બાપ, સમાજ માટે કેફી પદાર્થોની લત કરતાંય ગંભીર જોખમ પેદા કરી રહી છે

## વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

ઈન્ટરનેટ આધુનિક યુગનો અણમોલ ચમત્કાર છે... ઈન્ટરનેટ જ્ઞાનસાગર છે... ઈન્ટરનેટ એક અવર્ણનીય વર્ચ્યુઅલ અનુભવ છે... સાવ સહેલાથી અત્યંત અઘરા વિષયની, એકદમ લોકભોગ્યથી માંડીને એકદમ દુર્બોધ વિષયની, પ્રાચીનતમથી માંડીને અત્યાધુનિક કળા-સાહિત્ય-જ્ઞાન-વિજ્ઞાનની અઢળક, મૂળગામી અને શાસ્ત્રીય સામગ્રીનું અંતહીન મેઘધનુ ઈન્ટરનેટ છે... જ્ઞાનપિપાસુનાં સમય-શક્તિનો અકલ્પ્ય બચાવ કરે છે ઈન્ટરનેટ.

પરંતુ... અતિ સર્વત્ર વર્જયેત.

તલવાર બહુ જ ધારદાર હોય તેથી એનો દૂધી સમારવા માટે ઉપયોગ ન થાય. તલવારમાં એ તાકાત નથી કે એ તમને દૂધી સમારવા માટે મજબૂર કરે. ઈન્ટરનેટમાં આ તાકાત છે. શોખ, ઈચ્છા, નવીનતા, જરૂર, અનુકૂળતા, દેખાદેખીથી ઈન્ટરનેટમાં ડૂબકી માર્યા પછી શ્રાસ લેવા માટે તમારે એમાંથી ડોકું બહાર કાઢવાનું છે એ તમે ભૂલમાં કે જાણીજોઈને ભૂલી જાઓ તો તમને બચાવવાનું મુશ્કેલ છે. રસ કે જરૂરિયાત સંતોષતા સંતોષતા એના વ્યસનમાં સપડાઈ જવાનો ભય રહેલો જ હોય છે. દુનિયાના કરોડો લોકો રોજેરોજ ઈન્ટરનેટથી અસંખ્ય વ્યવહાર કરે છે, એનો શ્રાસ લેવા જેટલી સહજતાથી ઉપયોગ કરે છે, ઘમાં પણ લેપટોપ કે આઈપોડ કે બીજું કોઈપણ સાધન દૂર થઈ જાય તો માણસ રઘવાયો થઈ જાગી ઠે છે. આમછતાં વિવિધ સાધનો થકી ઈન્ટરનેટનો ઉપયોગ કરતા લોકોના જીવનમાં એનું સ્થાન એક સાધનનું જ રહે છે. એમનું એ સિવાયનું જીવન એનાથી ઝાઝું પ્રભાવિત નથી થતું.

વાત વણસે છે વ્યસનથી. બાળપણથી વૃદ્ધત્વ સુધીની કોઈપણ વયે વ્યસન માણસને જકડી શકે છે. તથા એની ઉમ્મર, આરોગ્ય અને સ્થિતિ પ્રમાણે એને આ વ્યસન નુકસાન પહોંચાડે છે. પરંતુ મુગ્ધકાળ-તરુણાવસ્થામાં એનું જોખમ સૌથી વધુ અને સૌથી વધુ ઘાતક હોય છે. ઓનલાઈન રહેવામાં એ જીવનમાં ઓફલાઈન ન થઈ જાય એ જોવાનું છે. એટલે મા-બાપ, વડીલો, શિક્ષકો, શુભેચ્છકો તરુણોને જેક ઓફ ઓલ થવા માટે કે માસ્ટર ઓફ વન થવા માટે આ જ્ઞાનસાગર માંથી આચમન કરવા પ્રેરે, પ્રોત્સાહિત કરે ત્યારે એમણે એટલા જ પ્રેમ અને સમભાવથી એનાં વિવિધ ભયસ્થાનો અંગે એને સજાગ કરતાં રહેવું જોઈએ. તરુણ (ણી)ને આઘાત ન લાગે, વ્યક્તિગત સ્વતંત્રતા પર તરાપ ન લાગે, બોસિંગ કે નેગિંગ ન લાગે એટલી સલુકાઈથી એના વિનાશક વિસ્ફોટના સંભવ અંગે એને સજાગ કરતાં જ રહેવું પડશે.

પશ્ર્ચિમની વાત જુદી છે. ત્યાંનું જીવન, માનસિકતા અને વિજ્ઞાન-વિજ્ઞાનનાં સાધનોની પહોંચ અલગ છે. એટલે ત્યાં જે સ્થિતિ છે એ આપણે ત્યાં -પૂર્વમાં- આજે તો નથી, પરંતુ એનો અર્થ એવો બિલકુલ નથી કે એવી સ્થિતિ ભવિષ્યમાં ક્યારેય આવી શકે એમ પણ નથી. ઈન્ટરનેટની અને ઓનલાઈન કનેક્ટિવિટી એટલી ઝડપથી વધી રહી છે કે એનું વ્યસન ગમે ત્યારે આપણાં સંતાનોને પણ ઝડપી લઈ શકે છે. ઉચ્ચ શિક્ષણ અને આર્થિક છૂટ જ આ છટકામાં તરુણને સપડાવે એવું નથી. લટું ઓછું શિક્ષણ અને સામાન્ય આર્થિક સ્થિતિ એને એ દિશામાં વધુ ધકેલે એવું બની શકે છે.

ઈન્ટરનેટના વ્યસનમાં બીજા વિષયો, બીજા મુદ્દા કરતાં પોર્નોગ્રાફી સૌથી વધુ મોટું પરિબળ હોય છે. તરુણ વયે એનું આકર્ષણ પણ પ્રચંડ હોય છે અને એને અંકુશમાં કરવાના આકરા પ્રયાસના વિસ્ફોટક પરિણામ પણ આવતાં હોય છે.

તરુણને કેટલો ઈન્ટરનેટ એક્સેસ લેવા દેવો અને ક્યાં સમજ સાથે રોકવો એ વાલીનો વિવેક આમાં અગત્યની ભૂમિકા ભજવી શકે. સ્માર્ટફોન રસિયા કિશોરો-તરુણો સાવધ - સમજદાર નહીં રહે તો એના ગુલામ બની જવાનું બહુ મોટું જોખમ એમનાં માથે ઝળુંબતું રહે છે.

આવા કિશોરો - તરુણો એકલવાયા બની જાય છે, બહારના તો ઠીક, ઘરના સભ્યો સાથે પણ તેઓ સંપર્ક કાપી બેસે છે, શારીરિક સાથે સાથે માનસિક આરોગ્યને પણ જોખમાવી દે છે, વાસ્તવિકતા પર એમના પગ રહેતા નથી તથા સૌથી મોટું જોખમ તો એ રહે છે કે તેઓ હિંસક - આક્રમક બની જાય છે અને સમાજ માટે કાયદો - વ્યવસ્થાના પ્રશ્નો ભા થાય છે.

પુણેની તાજેતરની એક ઘટનાએ ઘણાને ખળભળાવી નાખ્યા છે. કમ્પ્યુટર અને સ્માર્ટફોન પર ઈન્ટરનેટ પર કલાકો સુધી ચોંટી રહેતા ૧૫ વર્ષના વિદ્યાર્થીની આ ટેવ (કે વ્યસન) રોકવાનો એની મમ્મીએ પ્રયાસ કર્યો તો નમતું ન જોખવા ઈચ્છતા આ તરુણે ખીજવાઈને ચપ્પુથી સગ્ગી માતા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. સદ્ભાગ્યે માતાને કે એને પોતાને પણ કંઈ ઈજા ન થઈ, પણ સમાજશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ ટેક્નોલોજી નિષ્ણાતો અને ખાસ તો માનસશાસ્ત્રીઓએ ઘટનાનું પોતપોતાની રીતે પૃથક્કરણ આપ્યું. કમ્પ્યુટર - સ્માર્ટફોન થકી કિશોરો - તરુણો - યુવાનોમાં પ્રસરી રહેલા ઈન્ટરનેટ વ્યસનના વાઈરસ અંગે સૌએ એકી અવાજે ગંભીર ચેતવણી ઉચ્ચારી છે. સ્માર્ટફોન હવે આપણા જીવનમાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવતો થઈ ગયો છે, પણ શરાબ કે બીજા કેફી પદાર્થોની લત જેટલી જ ગંભીર અસરોવાળું ઈન્ટરનેટનું વ્યસન બની શકે છે, એમ તેઓ તરુણ-યુવાન પેઢીને અને એમનાં મા-બાપને ચેતવે છે.

આપણા દેશમાં પણ ઈન્ટરનેટ - સ્માર્ટફોનનું વ્યસન (ખાસ કરીને કિશોરો - તરુણોમાં) વર્ષે ૪૦ ટકા જેટલા જંગી દરે વધી રહ્યાનો માનસશાસ્ત્રીઓનો અંદાજ છે. અગ્રણી માનસશાસ્ત્રી ડૉ. હરીશ શેટ્ટીની ચોંકાવનારી માહિતી અનુસાર તો છેલ્લાં ત્રણ વર્ષમાં આવા કિસ્સાની સંખ્યામાં લગભગ ૨૦૦ ટકા જેટલો વધારો થઈ ચૂકયો છે.

ઈન્ટરનેટ અને સ્માર્ટફોનનું વ્યસન આવા સંતાનોને આક્રમક (ક્યારેક હિંસક પણ) વર્તન કરવા પ્રેરે-મજબૂર કરે છે. એમનાં ડિજીટલ ડિવાઈસીઝ એમને ન મળે તો તેઓ કુટુંબના જે તે સભ્યને ઈજા પહોંચાડવા સુધી જઈ શકે છે, એમ મુંબઈની જાણીતી હૉસ્પિટલના સિનિયર કાઉન્સેલર નીલોફર મિસ્ત્રી કહે છે.

આવા કિસ્સાઓમાં છેલ્લાં ત્રણ વર્ષમાં વધારો નોંધાયો છે. એકલા સોશિયલ નેટવર્ક પર જ રોજના બેથી છ કલાક ખર્ચતા મારા દરદીઓ ૧૨ થી ૨૦ વર્ષના છે, એમ અગ્રણી મનોરોગ નિષ્ણાત ડૉ. પારુલ ટાંક કહે છે. એમણે તાજેતરમાં એક ૧૪ વર્ષના એવા કિશોરની સારવાર કરી હતી, જે ઈન્ટરનેટ સાથે લગભગ જડાઈ ગયો હતો તથા જયારે જયારે એના મા-બાપ કે બીજા વડીલો એને રોકવાનો પ્રયાસ કરતા ત્યારે ત્યારે એ એમની સાથે ઝઘડતો, એમનું અપમાન કરતો અને બેકાબૂ બની જતો.

માતા પર હુમલાનો પ્રયાસ કરનારા પુણેના તરુણ જેવા દરદીઓ આભાસી વિશ્રમાં જીવતા થઈ જાય છે. એ દુનિયામાં એમની ઈચ્છા મુજબની વ્યક્તિઓ એમને મળી રહે છે. તત્કાળ સંતોષ એ જ એમનું લક્ષ્ય હોય છે, એમ એક અગ્રણી હૉસ્પિટલના કાઉન્સેલિંગ સેન્ટરના ડિરેક્ટર ડૉ. એ. એમ. ગભરાની કહે છે.

ભારતમાં હજી ગામડાંની સંખ્યા અને એમ એમાં વસતા લોકોની સંખ્યા શહેરો અને શહેરીઓ કરતાં વધુ છે. ટેલિફોન, મોબાઈલ, ટેલિવિઝન અને ખાસ તો કમ્પ્યુટર - ઈન્ટરનેટે ગામડાંને ઘણી રીતે શહેરો સાથે લગભગ જોડી દીધાં છે. આમ છતાં, પરંપરા, માનસિકતા અને સમયની અનુકૂળતા જેવાં કારણે ઈન્ટરનેટ - સ્માર્ટફોન વ્યસન બહુધા શહેરી સમસ્યા છે. શહેરોમાં પણ ઘેલછા - ગાંડપણ - વ્યસનના સ્તરે એનું પ્રમાણ ઘણું નથી વધ્યું. જોકે, એ વાત સાચી કે પ્રમાણ કાબૂ બહાર વધે પછી જ સમસ્યાનું નિરાકરણ શોધવા નીકળવું એ તો આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવું થાય. એટલે સમસ્યા શહેરી છે કે ગ્રામીણ બહુમતીને સ્પર્શે છે કે વસ્તીની લઘુમતીને, કિશોરો, તરુણોને સ્પર્શે છે કે આધેડો - વૃદ્ધોને એ ચર્ચામાં પડયા વગર શકય એટલી પાણી પહેલા પાળ બાંધવી.

૨૦૫૦ સુધીમાં તો ઈન્ટરનેટ - સ્માર્ટફોન વગરનું જીવન હોઈ જ કેવી રીતે શકે, એવું માનવજાત માનતી થઈ ગઈ હશે. નજીકના ભવિષ્યની કિશોર - તરુણ - યુવા પેઢીના શારીરિક - માનસિક આરોગ્ય અંગે આપણે સભાન ન થઈશું અને એ પેઢીઓને પણ ન કરીશું તો દૂરના ભવિષ્યની એ પેઢીઓનું ભવિષ્ય કેવું હશે? કંઈ ખ્યાલ આવે છે?

# તમારું યૌવન ખોટા માર્ગે વેડફાઇ જાય એ મારાથી જોયું નથી જવાતું, રાત્રે બાર વાગે ઘેર જાઉં, પથારીમાં આડી પડું પણ કલાકો સુધી તમારા વિચારોમાં ઊંઘી શકતી નથી એટલે આજ તમારી સમક્ષ હૈયું ખોલવાની હિંમત કરી

## એક બાર ગર્લ

- જય ગજ્જર

"એક બીયર" ન્યુ યોર્કના એ બારમાં કાઉન્ટર સામેનાં સ્ટુલ પર બેસી પીટરે ઓર્ડર આપ્યો.

બાર ગર્લ હેલન ઘડીભર તો એની સામે જોઇ રહી. બે વર્ષથી રોજ સાંજે નવ વાગે એ બારમાં આવતો. સાત આઠ બીયર ઢીંચી બાર વાગે એ બારમાંથી વિદાય લેતો. એક સોહામણો યુવાન જિંદગી ખોટી લતમાં વેડફી રહ્યો હતો એનું એને દુઃખ હતું. એના પ્રત્યે પ્રેમ અને સદ્ભાવ જાગ્યાં હતા. એણે કાઉન્ટર નીચેથી એક ગુલાબ કાઢી એને આપ્યું.

પીટર ઉશ્કેરાયો, "મેં બીઅર માગ્યો, ગુલાબ નહીં."

"મને ખબર છે, શા માટે યુવાની વેડફી રહ્યા છો?"

"નન ઓફ યોર બિઝનેસ! તું ગુલાબ આપી તારી જાળમાં મને ફસાવવા માગે છે? સુઝને આમ જ ગુલાબ આપી મારું મન હરી લીધું હતું. હું એને બહું પ્રેમ કરતો હતો. પણ એ મને છોડીને બીજાને પરણી ગઇ. એને ભૂલવા, મનને બીજી દિશામાં વાળવા એ જ મારો આશરો છે. 'વુમન અને વાઇને' મારી જિંદગી રોળી નાખી. સ્ત્રી જાતને ધિક્કારું છું. એને માટે નફરત સિવાય મારી પાસે કંઇ નથી એટલે બીઅરનો આશરો લીધો. તું મને પ્રેમ આપી શકીશ? કે ભ્રમજાળ ઊભી કરી મારી જિંદગી બરબાદ કરી નાખવા માંગે છે!"

"તમે કદી દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લો તો હું તમને માત્ર પ્રેમ જ નહીં મારું સર્વસ્વ સમર્પી તમારી વફાદાર અર્ધાંગના જીવનભર બની રહીશ. તમે મને ગમવા લાગ્યા છો. તમે દેખાવડા, પ્રતિભાશાળી, હસમુખા નવજુવાન છો. તમારું યૌવન ખોટા માર્ગે વેડફાઇ જાય એ મારાથી જોયું નથી જવાતું. રાત્રે બાર વાગે ઘેર જાઉં, પથારીમાં આડી પડું પણ કલાકો સુધી તમારા વિચારોમાં ઊંઘી શકતી નથી એટલે આજ તમારી સમક્ષ હૈયું ખોલવાની હિંમત કરી. મારા પર વિશ્વાસ રાખો. હું તમને દગો નહિ દઉં. મને કહો, હું તમને ગમું છું?"

"તમે યુવાન છો, રૂપાળાં છો, હસમુખા છો, કોઇનું હૈયું હરી લો એવા છો પછી કેમ ના ગમો? પણ સ્ત્રી જાત પર મને જરા કે વિશ્વાસ નથી. સ્ત્રી જાત પ્રત્યે નફરત સિવાય મારી પાસે કંઇ જ નથી. તમે પસ્તાશો. શા માટે જીવનથી હારી બેઠેલાં સમક્ષ તમારું પ્રેમાળ જીવન હોડમાં મુકવા તૈયાર થાઓ છો?"

"બધી જ સ્ત્રીઓ એક સરખી નથી હોતી. સ્ત્રી એટલે પ્રેમનો ધોધ. પતિને સન્માર્ગે દોરનાર એક દેવી. મેં બારમાં આવતા ઘણાં પુરુષોને જોયા છે. મારી પાસે મારા દેહની માગણી કરી છે. મારી પાછળ પૈસાની છોળો ઉડાડવાનાં પ્રલોભનો ઊભાં કર્યા છે પણ તમારા જેવા સજ્જન કોઇ જોયા નથી એટલે જ તમારામાં મન મોહી પડ્યું છે. મારે આ નરકવાડામાંથી છૂટવું છે. એક સારો પતિ મેળવી સારો સંસાર માંડવો છે. દાંપત્યજીવન માણવું છે. બેચાર બાળકો સાથે કુટુંબનો લ્હાવો માણવો છે. બોલો, આ લત છોડી હતાશાની જિંદગીમાંથી છૂટકારો મેળવી સુખી, આનંદી, પ્રેમાળ અને આદર્શ જીવન જીવવું છે?"

"સાચું કહું તો પહેલે દિવસે આ કલબમાં આવ્યો ત્યારે તમારાથી આકર્ષાયો હતો, તમને જીવનસાથી બનાવવાનાં સપનાં સેવ્યા હતા એટલે જ રોજ આ કલબમાં આવવા લાગ્યો. તમારો સાથ અને તમારો પ્રેમ જ મને અહીં ખેંચી લાવતો. પણ સ્ત્રી જાત પ્રત્યેની નફરત મને તમારા પ્રત્યે પ્રેમ ન જગવતો. આજ તમે હૈયું ખોલ્યું છે ત્યારે બાર વાગે સાથે જ જઇશું. આજથી જ બીઅરનો ત્યાગ અને આ કલબના દરવાજાને તિલાંજલી."

"બાર વાગ્યા સુધી રાહ જોવાની શી જરૂર છે? મને તમારામાં શ્રદ્ધા જાગી હતી અને આજ પરોઢના સપનામાં તમે મને સ્વીકારી લીધી હતી એટલે મારું સપનું સાકાર કરવા હું રાજીનામું લખીને જ આવી છું. ચાલો, બોસને રાજીનામું આપી તમારી સાથે જ ચાલી નીકળું છું." કહી એ સ્મિત સહ બોસની કેબિનમાં દોડી ગઇ.

પાંચ જ મિનિટમાં બહાર આવી પીટરનો હાથ પકડી બંને કલબની બહાર નીકળી ગયા. સામે સોળે કળાએ ખીલેલ પૂનમનો ચાંદ બંનેના જીવનમાં આનંદોર્મિની ભરતી લાવી રહ્યો.